ગાંધીનગર સમાચાર

# રાહુલના વારાણસી રોડ શોમાં સમર્થકો ઉમટ્યા

## કોંગી નેતા અજય રાયના સમર્થનમાં પ્રચારના છેલ્લા દિવસે રોડ શો : મુસ્લિમ બહુમતિવાળા ગોલગઠ્ઠા વિસ્તારમાંથી રાહુલ ગાંધીનો કાફલો આગળ વધ્યો : મોદી તેમજ કેજરીવાલ કરતા વધુ લાંબા રૂટથી આયોજનથી આશ્ચર્ય



વારાણસી, તા.૧૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ અને છેલ્લે આજે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ વિરાટ રોડ શો યોજીને કોંગ્રેસ શક્તિ પ્રદર્શન કર્યું હતું. રાહુલના રોડ શોમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા જેથી વારાણસીમાં ૧૨મી મેના દિવસે યોજાનારી ચૂંટણીમાં વિજેતા કોણ બનશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. મોદી, કેજરીવાલ અને હવે રાહુલના રોડ શોમાં અભૂતપૂર્વ લોકો ઉમટી પડ્યા હતા. રાહુલે રોડ શો દરમિયાન લોકસંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે રાહુલે કાશીમાં મેગા રોડ શો યોજીને જેવા સાથે તેવાની સ્ટાઈલમાં જવાબ આપ્યો હતો. રાહુલના રોડ શોને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી હતી. ગાંધી ટોપી પહેલી ૪૩ વર્ષીય રાહુલ ગાંધી કોંગ્રેસના ઉમેદવાર અજય રાયની સાથે મુસ્લિમ બહુમતિવાળા ગોલગંઢા વિસ્તારમાં રોડ શો માટે પહોંચ્યા હતા. અહીંથી રોડ શોની શરૂઆત કરવામાં આવી હતી. રાહુલે પોતાના વાહનની આસપાસ ઉપસ્થિત તમામ લોકોને હાથ બતાવીને અભિવાદન કર્યું હતું. રાહુલનો કાફલો લંકા તરફ આગળ વધતા વધુ લોકો જોડાયા હતા. રાહુલનો કાફલો વારાણસીના માર્ગો ઉપર ધ્વજ લહેરાવીને આગળ વધ્યો હતો. તેમના કાફલાની ચારેબાજુ પોલીસ દ્વારા સુરક્ષા આપવામાં આવી હતી. તીવ્ર ગરમી હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ઘણા લોકો તિરંગાવાળી ટોપીમાં પણ નજરે પડ્યા હતા. રાહુલનો કાફલાએ બેનિયાબાગ વિસ્તારમાંથી પણ પસાર થયો હતો જ્યાં મોદીને રેલી યોજવાની મંજુરી આપવામાં આવી ન હતી. રાહુલે રેલીમાં જનસૈલાબની સ્થિતિ સાબિત કરે છે કે દેશની સૌથી હોટ બેઠક ઉપર પણ સ્પર્ધા ખુબ જ રોમાંચક રહેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલ અને નરેન્દ્ર મોદીના રોડ શોમાં પણ લોકો ઉમટી પડ્યા હતા. આજે સવારે રાહુલના કાફલામાં કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ જોવા મળ્યા હતા. મુસ્લિમ બહુમતિવાળા ગોલગંઢા વિસ્તારમાંથી રાહુલનો કાફલો આગળ વધ્યો હતો. ચાર કલાકમાં ૧૨ કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું હતું. રાહુલના મતવિસ્તારમાં અગાઉ મોદીએ શક્તિ પ્રદર્શન કર્યું હતું. રાહુલના રોડ શોને મોદી અને અરવિંદ કેજરીવાલ કરતા વધુ વિસ્તારથી આવરી લેવાયો હતો. નેશનલ ઈન્ટર કોલેજથી આની શરૂઆત થયા બાદ લંકા ગેટ ઉપર પહોંચ્યો હતો. રાહુલે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ગેટ પર મદન મોહન માલવિયાની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાહુલ ગાંધીના કાફલામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ રહ્યા હતા જેમાં ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે.

# મોદીના ગુજરાત મોડલથી માત્ર એક જ વ્યક્તિને ફાયદો : રાહુલ

### મહિલાઓને સત્તા આપતા પહેલા સમ્માન આપવાની ભાજપને જરૂર : કોંગ્રેસ મહિલા અનામત બિલ પસાર કરશે : આશ્રય અને પેન્શનનો દરેકનો અધિકાર

વારાણસી, તા.૧૦

અમેઠીમાં આક્રમક પ્રચાર કરીને આક્ષેપોનો મારો ચલાવનાર ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને રાહુલ ગાંધીએ આજે તેમના જ મતવિસ્તાર વારાણસીમાં રોડ શો યોજીને જવાબ આપ્યો હતો. મોદી ઉપર તેઓએ આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે આજે ફરી વખત મોદીના ગુજરાત મોડલની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આનાથી માત્ર એક વ્યક્તિને જ તમામ રાહત થઈ છે. રાહુલે કોંગ્રેસના ઉમેદવાર અજય રાયની તરફેણમાં મત આપવા તમામ મતદારોને અપીલ કરી હતી. રાહુલે એમ પણ કહ્યું હતું કે, ભાજપને સૌથી પહેલા મહિલાઓના સમ્માની વાત કરવી જોઈએ અને ત્યારબાદ તેમને વધુ સત્તા આપવાની વાત કરવી જોઈએ. રાહુલે ખાતરી આપી હતી કે, કોંગ્રેસ સંસદમાં મહિલા અનામત બિલ પસાર કરશે. રાહુલે તેમના સંબોધનમાં કહ્યું હતું કે, કોંગ્રેસ ભગવાન બુદ્ધની વિચારધારા શાંતિ અને પ્રેમથી રહેવામાં વિશ્વાસ રાખે છે. રાહુલે ગુજરાતમાં ઈન્ડિયન એરફોર્સને જમીન ન આપવા બદલ ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીના ગુજરાત મોડલમાં માત્ર એક વ્યક્તિ ઉપર ધ્યાન અપાયું છે જ્યારે યુપીએ સરકારે ૭૦ કરોડ લોકોના ભાવિ ઉપર ધ્યાન આપ્યું છે. અમે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના જીવન ધોરણને સુધારવા માટે કટિબદ્ધ છે. રાહુલે કહ્યું હતું કે, ભાજપના નેતા મહિલાને વધુ સમ્માન અને સત્તા આપવાની વાત કરી રહ્યા છે પરંતુ સૌથી પહેલા મહિલાનું સમ્માન કરવામાં આવે તે જરૂરી છે.

# બેનિયાબાગમાં રોડ શોની રાહુલને મંજુરી કેમ મળી

### રાહુલના રોડ શો બાદ ભાજપનો પંચને સીધો પ્રશ્ન : રાજકીય કારણોસર મોદીને પરવાનગી અપાઈ ન હતી ચૂંટણી પ્રક્રિયા ઉપર આ એક કલંક રહેશે : અરૂણ જેટલી

નવીદિલ્હી, તા.૧૦

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને બેનિયાબાગમાં રોડ શો યોજવાની મંજુરી આપવામાં આવ્યા બાદ ભાજપે જોરદાર નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, એક બાજુ ગુજરાતના મુખ્યમંત્રી મોદીને બેનિયાબાગમાં રોડ શોની મંજુરી અપાઈ નથી જ્યારે રાહુલના રોડ શોને મંજુરી અપાઈ છે. ચૂંટણી પંચ સામે ભાજપે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ કહ્યું છે કે, આ ચૂંટણી પ્રક્રિયા ઉપર એક કલંક છે. એક બાજુ પીએમ પદના ઉમેદવારને તેમના મતવિસ્તારમાં રેલી યોજવાની મંજુરી અપાતી નથી. આના માટે સુરક્ષા કારણો આપવામાં આવે છે જ્યારે અન્ય નેતાને મંજુરી આપવામાં આવે છે. મોદી માટે સુરક્ષા કારણો નડી રહ્યા છે જ્યારે રાહુલ માટે આવા કોઈ કારણ નડતા નથી. જેટલીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, હવે એક બાબત સ્પષ્ટ છે કે, રાજકીય કારણોસર મોદીને મંજુરી આપવામાં આવી નથી. સુરક્ષાના કારણોસર રેલીની મંજુરીનો ઈન્કાર કરાયો ન હતો. કેજરીવાલે શુક્રવારના દિવસે વિરાટ રોડ શોનું આયોજન કર્યું હતું. ભાજપે રાહુલના રોડ શો સામે વાંધો ઉઠાવ્યો છે. રાહુલના રોડ શોને મંજુરી કેમ આપવામાં આવી. જ્યાં રાહુલને મંજુરી અપાઈ ત્યાં મોદીને મંજુરી અપાઈ નથી. જેટલીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, તમામ લોકોને વાસ્તવિકતા દેખાઈ રહી છે.

# મધ્યપ્રદેશમાં રાજધાની એક્સપ્રેસનું અન્જિન ખડી પડ્યું

ભોપાલ,તા. ૧૦

રાજધાની એક્સપ્રેસ આજે મધ્યપ્રદેશમાં ખડી પડી હતી. જો કે, મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. મધ્યપ્રદેશમાં વિદિશા જિલ્લામાં ૨૪૩૩ ચેન્નાઈ સેન્ટ્રલ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસનું એન્જિન પાટા ઉપરથી ઉતરી ગયા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બનાવમાં ૫૦થી વધુ પશુના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, યાત્રીઓનો સહેજમાં બચાવ થયો હતો. રેલવે એન્જિનના કર્મચારીઓને સમયસર જાણ થઈ ગઈ હતી. આ બનાવ સવારે ૧૦વાગ્યાની આસપાસ બન્યો હતો. ટ્રેક ઉપર કંઈ તકલીફ છે તે અંગેની જાણ થયા બાદ ડ્રાયવરે તરત જ ઈમરજન્સી બ્રેકનો ઉપયોગ કર્યો હતો તે વખતે આ ટ્રેન ૮૦ કિલોમીટરની પ્રતિકલાકની ઝડપથી દોડી રહી હતી.

ટૂંકા અંતરમાં જ ઈમરજન્સી બ્રેક બાદ આ ટ્રેન રોકાઈ ગઈ હતી. એન્જિનને ભારે નુકસાન થયું હતું. તે પાટા પરથી ખડી પડી હતી. આ ટ્રેન પહેલાથી જ સાત કલાક મોડી ચાલી રહી હતી.

# છત્તીસગઢમાં પંચાયતનું કૃત્ય એક મહિલાને નિર્વસ્ત્ર કરી

રાયપુર, તા.૧૦

છત્તીસગઢમાં એક ૩૫ વર્ષીય આદિવાસી મહિલા શિક્ષકને સમગ્ર ગામની સામે નિર્વસ્ત્ર કરવાનો મામલો સપાટી ઉપર આવ્યો છે. જસપુર જિલ્લામાં પકડ ગામમાં પંચાયતે આદિવાસી મહિલાની માત્ર ધોલાઈ જ કરી ન હતી પરંતુ નિર્વસ્ત્ર પણ કરી હતી. ગામમાંથી કાઢી મુકવામાં નહીં આવે તેવી શરત ઉપર એક લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો. મહિલાની ભૂલ એટલી હતી કે તેના ભાણ્યાને ગામમાં જ કોઈ એક યુવતી સાથે પ્રેમમાં પડવાની ભુલ કરી હતી. મહિલાને નિર્વસ્ત્ર કરવાનો આ મામલો ૧૯મી એપ્રિલના દિવસે બન્યો હતો પરંતુ હવે આ મામલો સપાટી ઉપર આવ્યો છે. મહિલાએ પોલીસ સમક્ષ ફરિયાદ કરી ત્યારે પોલીસે કેસ નોંધવાના બદલે આ મામલો ટાળી દીધો હતો. મોડેથી માનવ અધિકાર અને મહિલા પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. ભાણિયાના પ્રેમ પ્રકરણના કારણે તેને આ સજા કરવામાં આવી હતી.

## // મા // (પાના નં.૪નું ચાલુ...)

કે લખવું વિકટ છે અને મને એમાં અસંસ્કારિતા લાગે છે. તેવી જ રીતે હેન્રી બીચરે પણ કહ્યું છે કે ઇશ્વરને પહેલીવાર માતાનો વિચાર આવ્યો હશે ત્યારે ખુદ ખુદાના ચહેરા પર એક સંતોષનું સ્મિત ફરક્યું હશે અને તરત જ માનું સર્જન કર્યું હશે. ચિક્કાર, સમૃદ્ધ હૃદયના ઊંડાણ ભરીભરી અત્યંત દિવ્ય આત્મશક્તિ અને સૌંદર્યથી સભર-સભર.'

ઇન્ગ્રીડ બર્ગમેન ને એના જન્મદિવસે કોઇએ ફૂલ આપ્યા, તો પહેલું કામ એણે એ ફૂલ પોતાની માતાની કબર પાસે મૂકવાનું કર્યું. અરે, હિટલર જેવો હિટલર પણ પોતાની ખાનગી ખંડમાં માત્ર બે જ છબી રાખતો હતો. એક પોતાની મરી ગયેલા શોફ્ટની અને એક છબિ પોતાની માતાની. જયારે હિટલરની માતા મૃત્યુ પામ્યા ત્યારે તેમના ફેમિલી ડોકટરે કહ્યું હતું કે મેં કોઇ પણ જુવાન માણસને આટલું બધું રડતો જોયો નથી.

દરેક માતા માટે નિ:સ્વાર્થ સેવા એ જ એના જીવનનો મંત્ર હોય છે. તે ફક્ત આપવામાં જ માનતી હોય છે, તે ક્યારેક લેવાની આશાથી નથી બાળકોનો ઉછેર કરતી કે નથી ભણાવી ગણાવી એને મોટો અને મહાન બનાવતી. એ તો બસ એટલું જ ઇચ્છે છે કે પોતાનું બાળક શ્રેષ્ઠ બની રહે. એ પોતાના માટે કશું જ રાખતી નથી. બીજું તો ઠીક બાળક ને તે નામ પણ પિતાનું આપી દે છે.

*પુસ્તક હોય કે નાટક*
*કવિતા હોય કે ગઝલ.*
*બધા કલાકાર તેમાં પોતાનું જ*
*નામ આપે છે*
*પણ ઇશ્વર ?*
*ઇશ્વર જેવો કોઇ મહાન કલાકાર નથી*
*એ માનવીને સર્જે છે.*
*પણ માનવીની નીચે પોતાનું નામ નથી લખતો*
*તેવી જ રીતે,*
*મા જેવું બીજું કોઇ નહિ,*
*કે બાળકને જન્મ પોતે આપે અને*
*બાળક પાછળ બાપનું લાગે...*


પિતા ભલે બાળકીની દરેક વાતમાં, વર્તનમાં કે વિચારમાં વહેતો જોવા મળે, પંરતુ મા તો બાળકની રક્તવાહિનીમાં વહેતી હોય છે. દુનિયામાં નજર નાખતાં આપણે ક્યાંક એવું બાળક જોવા મળશે કે જેના હૃદયના ધબકારામાં મા ન હોય! પશ્ચિમના ઘણા રિવાજોથી આપણે આકર્ષાયા છીએ. મધર્સ-ડેની કલ્પના પણ આમાંની એક હોય એવું લાગે છે. બાકી આમ તો આખી દુનિયામાં ક્યાંક મધર્સ-ડે ઊજવવાની જરૂર ન હોય, કારણ કે મા એ તો દરેકના જીવનની ક્ષણેક્ષણમાં અને અસ્તિત્વના કણેકણમાં વ્યાપેલી હોય છે.

# મોદી જીત બાદ વારાણસી બેઠક પોતાની પાસે રાખશે

### ભાજપ પ્રમુખ રાજનાથસિંહ દ્વારા જાહેરાત કરાતા અન્ય પક્ષોને જવાબ : પૂર્વાંચલની બેઠકોને ધ્યાનમાં લઇ નિવેદન

નવીદિલ્હી, તા.૧૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જીત બાદ વારાણસી અથવા વડોદરામાંથી કઈ બેઠક પોતાની પાસે રાખશે તે અંગે ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે સંકેત આપ્યો હતો કે, મોદી વારાણસી બેઠક પોતાની પાસે રાખશે. હજુ સુધી મોદી અને ભાજપના અનેક દિગ્ગજ નેતા મોદી કઈ બેઠક રાખશે તે અંગે વાત કરવાની સ્થિતિમાં ન હતા પરંતુ આજે અંતિમ તબક્કાના મતદાન પહેલા ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવારની જીત બાદ વારાણસી બેઠક તેમની પાસે રહેશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમની જન્મભૂમિ નરેન્દ્ર મોદીની કર્મભૂમિ બનશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમારી આ જન્મભૂમિને નરેન્દ્ર મોદીની કર્મભૂમિ બનાવી દેવા તમામ સહકાર આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજનાથસિંહ પોતે વારાણસીના ચંદોલી વિસ્તારના છે. મોદીની સામે વારાણસીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા કેજરીવાલે હંમેશા આ બાબતને લઈને મોદી ઉપર પ્રહાર કર્યા છે કે, તેઓ જીતી ગયા બાદ વારાણસી બેઠક છોડી દેશે. આવી સ્થિતિમાં લોકોને બીજી વખત ચૂંટણીનો સામનો કરવો પડશે. હજુ સુધી ભાજપના તમામ દિગ્ગજ નેતા પણ આ અંગે વાત કરવાની સ્થિતિમાં ન હતા. મોદી કઈ બેઠક પોતાની પાસે રાખશે તેને લઈને કોઈ વાત કરવામાં આવી રહી ન હતી પરંતુ હવે મોટાભાગના વિસ્તારોમાં મતદાન પૂર્ણ થઈ ચુક્યું છે. એવી અટકળો ચાલી રહી છે કે, પૂર્વાંચલના મતદારોને પોતાની તરફ ખેંચવાના હેતુસર આ દાવ રમવામાં આવ્યો છે. રાજનાથસિંહના આ નિવેદનને



ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. થોડાક દિવસ પહેલા જ એવા સંકેત આપ્યા હતા કે, નરેન્દ્ર મોદી વડોદરા બેઠકને છોડી દેશે અને ત્યાંથી અમિત શાહને મેદાનમાં ઉતારવામાં આવશે.

ભાજપના ઉત્તરપ્રદેશના ઈન્ચાર્જ અમિત શાહ હાલમાં ખુબ જ મહેનત પક્ષ માટે કરી રહ્યા છે. આવી સ્થિતિમાં તેમને ઈનામ રૂપે વડોદરાની બેઠક આપવાની હિલચાલ ચાલી રહી છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે મોદીની બેઠક અંગે ખુલાસો કરીને વિવાદનો અંત આણી દીધો છે.

# શહેરીની સાથે ઓબીસી લોકો ભાજપથી પ્રભાવિત : અહેવાલ

નવી દિલ્હી,તા. ૧૦

લોકસભાની ચૂંટણી પૂર્ણ થવા આવી છે ત્યારે તમામ રાજકીય પક્ષો પોતપોતાની ગણતરીમાં લાગી ગયા છે. ભાજપ માટે સારા સમાચાર એ છે કે શહેરી મતદારોની સાથે સાથે હવે તેની તરફ ઓબીસી મતદારો પણ ખેંચાયા છે. આના માટે નરેન્દ્ર મોદીની લહેરને પણ કેટલાક લોકો કારણરૂપ ગણે છે. શહેરી અને ઓબીસી મતદારોને પોતાની તરફ આકર્ષિત કરવામાં એનડીએને સફળતા મળી છે. ભાજનની નવી ગણતરી અંતિમ તબક્કા માટે ચાલી રહી છે. હાલમાં કરાયેલી નવી ગણતરીને ધ્યાનમાં લઈને મુસ્લિમ સમુદાયના લોકો ઉથી ૧ની માર્જિનમાં યુપીએને પસંદ કરે છે પરંતુ શહેરી અને ઓબીસી મતદારો ચોક્કસપણે એનડીએથી પ્રભાવિત થઈ રહ્યા છે અને શહેરી અને ઓબીસી મતદારોની ભૂમિકા નિર્ણાયક સાબિત થઈ શકે છે. ૧૬મી લોકસભાની ચૂંટણી ઘણીબધી રીતે ખૂબ જ રોમાંચક અને પડકારરૂપ બની રહેશે. સેન્ટર ફોર એડવાન્સ સ્ટડી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે તાજેતરના સમયમાં ઓબીસી અને શહેરી મતદારો એનડીએ તરફ પ્રભાવિત થઈ રહ્યા છે.

# સમાચાર ઝલક

- *અણ્ણા હજારેની મુલાકાત લેવ માટે સલામતી કારણોસર પાસ લેવો પડશે.*
- *હવે બેંકો ૧ કરોડથી વધુ ડિફોલ્ટરોના નામો જાહેર કરશે.*
- *તટસ્થતા જાળવવાની પ્રણાલી અનુસાર રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી લોકસબા ચૂંટણીમાં મતદાન નહીં કરે.*
- *તા.૧૨મી મેના સાંજે ૬.૩૦ પછી એક્ઝિટ પોલ મીડિયાવાળા બહાર પાડી શકશે.*
- *આયુર્વેદિક ઔષધની નિકાસ ૭૦૦૦ કરોડને વટાવશે.*
- *ચાલુ ટ્રેનોમાં બળાત્કાર અને સતામણીનાં બનાવોમાં ચિંતાજનક થતો વધારો.*
- *બ્રાઝિલમાં વિશ્વકપની મેચ વખતે પોલીસે હડતાળ પાડવાની ધમકી ઉચ્ચારી.*
- *સૂરતમાં એક જ પરિવારમાં પાંચ લોકોની સામુહિક આત્મહત્યા, ગળે ફાંસો ખાધો.*
- *અમેરિકામાં ઇરવિંગ શહેરમાં મહાત્મા ગાંધીની કાંસ્ય પ્રતિમા મુકાશે.*
- *રાજકોટમાં નિવૃત્ત પોલીસ સબ ઇન્સ્પેક્ટરે અગ્નિસ્નાન કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.*
- *રામદેવની ટિપ્પણી બાબતે સુપ્રીમે અટકાવી દીધી.૧૦ લાખ કોર્ટ જમા કરાવવાની શરતે રોક લગાવી.*
- *ભારતના ૧ લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં ઉચ્ચ અભ્યાસક્રમની ફી પેટે રૂા. ૧૦ હજાર કરોડ ચુકવવે છે.*
- *રાજકોટની બે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય લેકમે ફેશન વિકમાં સ્થાન મેળવ્યું.*
- *બોગસ એન્કાઉન્ટરની ગુજરાત સરકારની અરજી સુપ્રિમે ફગાવી.*
- *નિકાસબંધીથી કેસર કેરીને ૧૦૦ કરોડથી વધુ ફટકો, કેરી રસિયાઓ નિરાશ.*
- *ચૂંટણી પરિણામો નજીક આવતાં બજારમાં સાવચેતી અને અજંપો વધ્યા.*
- *શતાબ્દી એક્સપ્રેસમાં મુસાફરો એલઇડી ટીવીનો આનંદ માણી શકશે.*
- *કંકોત્રીના આધારે જાસૂસ બની ખુનને ભેદ ઉકેલતી રાજકોટ રેલ્વે પોલીસને ઇનામ જાહેર થયું.*
- *યુક્રેનમાં યુદ્ધની સ્થિતિ, ગુજરાતના છાત્રોની પરેશાની.*
- *ગુજરાતની સહકારી બેંકો હાઇટેક બનશે, ૧ કરોડ ગ્રાહકોને ફાયદો.*
- *સોમનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠાને ૬૩ વર્ષ થશે.*
- *'મા' નો ઋણ અદા કરવાનો અવસર, આજે વિશ્વભરમાં મધર્સ ડે ઉજવાશે.*

# પૂંચમાં ઘુસણખોરીનો વધુ એક પ્રયાસ : બે આતંકવાદીઓ ઠાર

### ત્રાસવાદીને ભારતીય ક્ષેત્રમાં ઘુસાડવા માટે પાકિસ્તાની સેના દ્વારા વારંવાર યુદ્ધ વિરામનો ભંગ

જમ્મુ, તા.૧૦

જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશ રેખા ઉપર સેનાએ ઘુસણખોરીનો વધુ એક પ્રયાસ નિષ્ફળ બનાવી દીધો છે. આ મહિનાની અંદર ઘુસણખોરીનો બીજો પ્રયાસ કરવામાં આવ્યો છે. શુક્રવારે મોડી રાત્રે બનેલા આ બનાવમાં એક જવાનને ઈજા થઈ હતી. સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ચાર આતંકવાદીઓની ટોળકી પુંચ જિલ્લામાં અગ્રીમ કાલ્સિયા પટ્ટામાં ઘુસણખોરીના પ્રયાસમાં હતી. આ આતંકવાદીઓને શરણાગતિ સ્વીકારવા પડકાર ફેંકવામાં આવ્યો હતો પરંતુ આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારવાના બદલે સૈનિકો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેના જવાબમાં જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી. આ જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા અને અન્ય એકને ઈજા થઈ હતી. ઘાયલ થયેલા જવાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઘુસણખોરીના પ્રયાસમાં માર્યા ગયેલા બંને આતંકવાદીના મૃતદેહ મળી આવ્યા છે. અન્યોની શોધખોળ ચાલી રહી છે. ત્રીજી મેના દિવસે પણ પૂંચ જિલ્લામાં આતંકવાદીઓએ ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. એવા અહેવાલ મળી રહ્યા છે કે,આ આતંકવાદીઓ ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરીના પ્રયાસ કરી રહ્યા છે. સૈનિકોનું ધ્યાન ભંગ કરવા માટે અને ત્રાસવાદીઓને કવર આપવા પાકિસ્તાની સેના દ્વારા પણ વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કરાઈ રહ્યો છે. ત્રીજી મેના દિવસે પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લામાં મેનધારમાં અંકુશ રેખા ઉપર ભારતીય ચોકી ઉપર નાના અને મોટા હથિયારો સાથે ગોળીબાર કર્યો હતો. જો કે, આમા કોઈ ખુવારી થઈ ન હતી. ૨૮મી એપ્રિલના દિવસે અને ૨૫મી એપ્રિલના દિવસે પણ પાકિસ્તાની સેના દ્વારા બે વખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. અને આતંકવાદીઓને ઘુસાડવાના પ્રયાસ કરાયા હતા. જો કે, અંકુશરેખા ઉપર તૈનાત ભારતીય જવાનો આતંકવાદીઓ અને પાકિસ્તાની સેનાને જોરદાર જવાબ આપી રહ્યા છે જેથી તેમની યોજનાઓ સફળ સાબિત થઈ નથી.